सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૪/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૦૧/૦૪/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |

**રાજકોટ જિલ્લાના આઠમા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ, મું.રાજકોટ**

**ફોજદારી રીવીઝન અરજી નં.૮૮/૨૦૨૫**

**આંકઃ 15**

**પ્રવિણભાઈ રૂડાભાઈ મારકણા,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો વેપાર,
રહે.ભવનાથ પાર્ક–૨, શેરી નં.૩,
કોઠારીયા મેઈન રોડ, ભક્તિનગર,
રાજકોટ. ..................અરજદાર
(મૂળ આરોપી)

**વિરૂધ્ધ**

(૧) **યોગેશ ત્રિભોવનભાઈ કોટક**
(એચ.યુ.એફ.નાં કર્તા) ઉ.વ.૫૪,
ધંધો ટેક્સ કન્સલ્ટન્ટ, ફ્લેટ નં.૧૦૨,
શિવ હાઈટસ–૧, ગીતાનગર–૪,
જલારામ ચોક, રાજકોટ–૩૬૦૦૦૨. ..............મૂળ ફરિયાદી

(૨) **શ્રી સરકાર**
થ્રુ જિલ્લા સરકારી વકીલશ્રીની ઓફિસ,
રાજકોટ. ...............સામાવાળા

**બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ ૪૪૦,૪૪૧ મુજબ રીવીઝન અરજી.**

અરજદાર/મૂળ આરોપી તરફે વિ.વકીલશ્રી યુ.આર.રાવલ.
સામાવાળા નં.૧ મૂળ ફરિયાદી તરફે વિ.વકીલશ્રી એન.એમ.જસાણી.
સામાવાળા નં.૨ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી એમ.એસ.જોષી.

**ચુકાદો**

(૧) આ રીવીઝન અરજીની વિગત ટૂંકમાં જોઈએ તો, રાજકોટના ૧૩મા એડીશ્નલ સીનીયલ સિવિલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાલતા ફો.કે.નં.૩૧૪૮૪/૨૦૨૨ ના કામે, મૂળ આરોપી (હાલના અરજદાર) તરફે આંક ૩૬ વાળી અરજી આપી, ફરિયાદીએ રજૂ કરેલ આંક–૧૩ વાળા સમજુતી કરારની સહીઓ તથા અક્ષરો હેન્ડરાઈટીંગ એકસ્પર્ટને મોકલવા માટે હુકમ કરવા અરજ ગુજારેલ હતી. તે આંક ૩૬ વાળી અરજી વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવતા, મૂળ આરોપી તરફે હાલની ફોજદારી રીવીઝન દાખલ કરવામાં આવેલ છે.

(૨) અરજદારના વિ.વકીલશ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો અને કુદરતી સિધ્ધાંતો વિરૂધ્ધનો છે તેમજ કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધનો છે. અરજદારને ફરિયાદી સાથે ઘણા સમયથી સારા સંબંધો હતા અને ધંધાના વિસ્તરણ માટે અરજદારને રકમની જરૂરીયાત હોવાથી અરજદારે લોનની વ્યવસ્થા કરાવવા માટે અરજદારના નામના બે કોરા ચેક અને અરજદારના પત્નીના નામનો એક કોરો ચેક તથા આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ ફોટા, લાઈટબીલ વિગેરે આધાર પુરાવા ફરિયાદીને આપેલ હતા. તે આધાર પુરાવાનો દુરૂપયોગ કરીને ફરિયાદીએ આંક–૧૩ વાળો સમજૂતી કરાર તૈયાર કરેલ છે. અરજદારે ફરિયાદી પાસેથી રૂા.૮,૦૦,૦૦૦/– જેવી કોઈ રકમ લીધેલ નથી કે તેવી રકમ પેટે કોઈ ચેક આપેલ નથી. આંક ૧૩ વાળા સમજૂતી કરારમાં અરજદાર કે અરજદારના પત્નીની સહી નથી. જેથી અરજદાર અને તેના પત્નીની સહીઓ તથા અક્ષરો હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવા માટે અતિ મહત્વના અને જરૂરી હોય, અરજદાર તરફે આંક ૩૬ થી અરજી આપેલ હતી. આ તમામ સંજોગો ધ્યાને રાખી હાલની રીવીઝન અરજી મંજુર કરી, વિદ્વાન ટ્રાયલ કોર્ટનો આંક–૩૬ હેઠળ કરેલ હુકમ રદ્દ કરી, આંક ૩૬ વાળી અરજીમાં અરજદારે માગ્યા મુજબની દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની અરજી દાખલ થતા સામાવાળા સરકારશ્રીને ધોરણસરની નોટીસની બજવણી થતા વિદ્વાન એડી.પી.પી.શ્રી એમ.એસ. જોષી હાજર થયેલ છે. તેઓએ મૌખિક રજૂઆત કરતા જણાવેલ છે કે, નામ. અદાલતે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈને ન્યાયોચિત હુકમ કરવો જોઈએ.

(૩.૧) વધુમાં, અરજદારની અરજી દાખલ થતા મૂળ ફરિયાદીને ધોરણસરની નોટીસ કરવામાં આવેલ અને નોટીસની બજવણી થતા તેઓ વિ.વકીલશ્રી એન.એમ. જસાણી મારફત હાજર થયા છે. મૂળ ફરિયાદી તરફે લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર રીવીઝન અરજી માત્ર કાયદાની પ્રોસીઝર લંબાવવાના ઈરાદે કરેલ છે. અરજદારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના બે ચેક ફરિયાદીને આપેલ છે તેમાં અરજદારની સહી છે. અરજદાર વિરૂધ્ધ એન.આઈ. એકટની કલમ ૨૦ મુજબની જોગવાઈ લાગુ પડે છે. આંક ૧૩ વાળો સમજુતી કરાર નોટરી સમક્ષ કરવામાં આવેલ છે તેમાં અરજદારે તેનો અંગુઠો પણ મારેલ છે, તેમછતાં અરજદાર માત્ર પોતાની સહીને હેન્ડરાઈટીંગ એકસ્પર્ટ પાસે મોકલવાનુ કહે છે, પરંતુ અંગુઠાની છાપને ફીંગર પ્રિન્ટ એકસ્પર્ટ પાસે મોકલવાનુ કેમ કહેતા નથી. અરજદારે જાણી જોઈને કેસની ટ્રાયલ લંબાવવા માટે આંક–૩૬ની અરજી આપેલ છે. વધુમાં અરજદારના વકીલશ્રીએ ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન પણ આંક ૧૩ વાળા સમજુતી કરાર અંગે કાંઈ પુછેલ નથી અને અરજદાર મૌન રહ્યા છે તેનો અર્થ એ જ છે કે, આંક ૧૩ વાળો સમજૂતી કરાર અરજદારને સ્વીકૃત છે. અરજદારે આંક ૧૩ વાળા કરારની સત્યતા ચકાસવા માટે નોટરીને કોર્ટમાં બોલાવેલ નથી. વિશેષ નિવેદનમાં પણ અરજદાર નોટરીને સાક્ષી તરીકે તપાસવાનુ કહેતા નથી. આ તમામ સંજોગોમાં નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ યથાયોગ્ય હોય તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો ન હોય, અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ કામે રીવીઝન અરજીની વિગત તથા રજૂ થયેલ દસ્તાવેજી આધારો વંચાણે લીધા તેમજ બંને પક્ષની દલીલો સાંભળી. આ કામે વિદ્વાન ટ્રાયલ કોર્ટનુ ફોજદારી કેસ નં.૩૧૪૮૪/૨૦૨૨ નુ અસલ કેસ રેકર્ડ મંગાવવામાં આવેલ છે તેમજ મહત્વના આધારપુરાવા તેમજ આંક ૩૬ હેઠળનો હુકમ વંચાણે લેવામાં આવેલ છે.

(૫) આ રીવીઝનના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા અરજદારની આંક ૩૬ વાળી અરજી હેઠળ કરેલ હુકમ ભૂલભરેલો છે? તે હુકમમાં અત્રેની અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેનું મંતવ્ય તેના કારણો સહિત નીચે પ્રમાણે છે.

(૧) મુદ્દા નં.૧ – નકારમાં.

(૨) મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

(૭) મૂળ ફોજદારી કેસ નં.૩૧૪૮૪/૨૦૨૨ ના કામે, આંક ૩૬ હેઠળ કરેલ હુકમ વંચાણે લેતા, અરજદારે આંક ૧૩ વાળા કરારની સહીઓ–અક્ષરો હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવા માટે દાદ માગેલ હતી. વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા બંને પક્ષકારોને સાંભળીને આંક ૩૬ વાળી અરજી નામંજુર કરેલ છે. મૂળ ફોજદારી કેસનુ રેકર્ડ વંચાણે લેતા હાલના અરજદાર મૂળ આરોપી છે. સદર રીવીઝન અરજીના કારણો જોઈએ તો, ફરિયાદીએ આંક ૧૩ થી રજૂ કરેલ સમજુતી કરારમાં અરજદાર કે અરજદારના પત્નીની કોઈ જગ્યાએ સહી નથી, ફરિયાદીએ ખોટી રીતે કરાર ઉભો કરેલ હોય, અરજદારે આંક ૧૩ વાળા કરારની સહીઓ હેન્ડરાઈટીંગ એકસ્પર્ટને મોકલવા જણાવેલ છે. ફરિયાદીએ આંક ૧૩ વાળો સમજુતી કરાર તા.૩–૫–૨૦૨૨ ના રોજ કરેલ છે. ત્યારબાદ આંક ૨૮ થી સમાધાન અંગેનો લેટર તા.૧૨–૦૫–૨૦૨૨ ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આપેલ છે. આમ, ફરિયાદીએ સમાધાન કરી લીધા પછી, અગાઉ લોન અપાવવા માટે અરજદાર પાસેથી જે ચેક લીધેલ હતા તેનો દુરૂપયોગ કરીને ખોટી ફરિયાદ કરેલ છે તેમજ ખોટો કરાર ઉભો કરેલ છે. આંક ૨૬ વાળા બેંક સ્ટેટમેન્ટમાં જણાવેલ એન્ટ્રીઓ ટ્રાયલ કોર્ટ દ્વારા લક્ષમાં લીધેલ નથી. ફરિયાદીએ આંક ૧૩ વાળો કરાર રજૂ કરેલ છે તેથી લીગાલીટી એવીડન્સીયલ વેલ્યુ સાબિત કરવાની જવાબદારી ફરિયાદીની છે. આંક ૧૩ વાળો કરાર ફરિયાદીએ ઉભો કરેલ હોય, તેમાં અરજદારની સહીઓ ન હોય, હેન્ડરાઈટીંગ એક્સપર્ટને મોકલવા માટે રીવીઝન અરજીમાં રજૂઆત કરેલ છે.

(૮) વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષની આંક ૩૬ વાળી અરજી તેમજ તે અરજી હેઠળનો હુકમ વંચાણે લેતા, આંક ૧૩ વાળો સમજૂતી કરાર ફરિયાદીએ ઉભો કરેલ હોવાની મુખ્યત્વે રજૂઆત છે. આંક ૧૩ વાળો કરાર વંચાણે લેતા, આરોપીને ધંધાકીય જરૂરીયાત હોવાના કારણે તા.૨૯–૬–૨૦૨૦ ના રોજ ફરિયાદીએ હાથ–ઉછીના રૂા.આઠ લાખ આપેલ, જે રકમ તા.૨૦–૬–૨૦૨૨ ના રોજ ફરિયાદીને પરત ચુકવી

આપવાનો ઉલ્લેખ છે. આ સમજુતી કરાર તા.૩–૫–૨૦૨૨ ના રોજ કરેલ હોવાનુ જણાય આવે છે. ફરિયાદીના બેંક ખાતામાંથી તા.૨૯–૦૬–૨૦૨૦ના રોજ આઠ લાખ રૂપિયા આરોપીના પ્રોપરાઈટર ફર્મ શ્રી લાભ એન્ટરપ્રાઈઝના એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. દ્વારા મળેલ હોવાનુ જણાવેલ છે. આ રકમ પેટે આરોપીએ પોતાના એકાઉન્ટનો રૂા.આઠ લાખનો ચેક સહી કરીને ફરિયાદીને આપેલ હતો. આ સમજુતી કરારની ટ્રુકોપી જોતા નોટરી શ્રી એન.એમ. જસાણી દ્વારા ટ્રુકોપી નો સિકકો લગાડેલ છે. આ સમજુતી કરાર વંચાણે લેતા, રૂા.૩૦૦/– ના ઈન્ડીન નોન જયુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરવામાં આવેલ છે. જેમાં ફર્સ્ટ પાર્ટી તરીકે ફરિયાદીનુ નામ, સેકન્ડ પાર્ટી તરીકે આરોપીનુ નામ તથા સ્ટેમ્પ પેપર ખરીદનાર તરીકે આરોપીનુ નામ દર્શાવેલ છે. આ સમજુતી કરાર નોટરી શ્રી ધીરૂભા એમ. પરમાર સમક્ષ કરવામાં આવેલ છે. જે કરારના દરેક પાના ઉપર આરોપી અને ફરિયાદીની સહી છે, આરોપીનુ આધારકાર્ડ અને ફરિયાદીનુ પાનકાર્ડ ઝેરોક્ષ જોડેલ છે, છેલ્લા પાના ઉપર ફરિયાદી તથા આરોપીના ફોટોગ્રાફ લગાડેલ છે તેમજ નોટરીશ્રીએ “Signed before me” નો સિકકો મારીને સહી કરેલ હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

(૮.૧) અરજદારે દાખલ કરેલ રીવીઝન અરજીમાં આંક ૨૬ થી રજૂ કરેલ બેંક સ્ટેટમેન્ટ મુજબ, ફરિયાદીએ રૂા.૯,૪૦,૦૦૦/– રૂા.૩,૦૦,૦૨૩.૬૦/– તથા રૂા.૮,૦૦,૦૦૦/– આરોપીના એકાઉન્ટમાં જમા કરાવેલ. ત્યારબાદ આ રકમ ફરિયાદીની સુચના મુજબ આરોપીએ ઉપાડીને ફરિયાદીને આપી દીધેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આ રકમ ફરિયાદીને આપેલ કે કેમ? તે પુરાવાનો વિષય છે. ફરિયાદી આટલી મોટી રોકડ રકમ આરોપીને આરોપીના ખાતામાં જમા કરવા આપે અને આરોપી પોતાના ખાતામાં તે રકમ જમા કરાવે અને જમા કરીને પાછી ઉપાડીને ફરિયાદીને આપી દે તેવી આરોપી પક્ષની રજૂઆત બાબતે ટ્રાયલ કોર્ટમાં રજૂ થયેલ પુરાવા પરથી નકકરી કરવાનુ હોય છે. હાલના તબકકે આ રીવીઝન અરજીમાં તે અંગે કોઈ તકરાર નથી, તકરાર માત્ર આંક ૧૩ ના કરાર અંગેની છે.

(૯) વધુમાં આંક ૨૭ "શ્રી લાભ એન્ટરપ્રાઈઝ"ના બેંક એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ જોતા, આંક ૧૩ ના સમજુતી કરારમાં આરોપીના પ્રોપરાઈટરશીપ ફર્મમાં દર્શાવ્યા મુજબ, તા.૨૯–૬–૨૦૨૦ ના રોજ "શ્રી લાભ એન્ટરપ્રાઈઝ"ના એકાઉન્ટમાં

ફરિયાદીએ આર.ટી.જી.એસ.થી રૂા.૮,૦૦,૦૦૦/– ની રકમ જમા કરાવેલ હોવાનુ દર્શાવેલ છે.

(૧૦) વધુમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ લક્ષમાં લેતા, તા.૨–૯–૨૦૨૪ ના રોજ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આંક ૧૩ વાળા સમજુતી કરારની ટ્રુકોપી વિશે સવાલ પુછવામાં આવેલ છે, તેના જવાબમાં આરોપીએ પોતાની સહી નહિ હોવાનો, કોઈ સ્ટેમ્પ પેપર ખરીદ કરેલ નહિ હોવાનો તેમજ ફરિયાદીએ પોતાના આધારકાર્ડનો દુરૂપયોગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે. પરંતુ આ બચાવના સમર્થનમાં આરોપી પાસે નોટરીને તપાસવાની તક હોવા છતાં નોટરીને સાહેદ તરીકે તપાસેલ નથી. જો આરોપીએ નોટરીને તપાસેલ હોત તો આ કરારની સત્ય હકીકતો રેકર્ડ ઉપર આવી શકે તેમ હતી.

(૧૧) વધુમાં આરોપી પક્ષે તા.૨૭–૦૯–૨૦૨૪ ના રોજ આંક ૩૨ થી સાક્ષી સમન્સ કરવાની અરજી આપ્યા બાદ ત્રણેક મહિના સુધી કોઈ પણ સાક્ષી તપાસેલ નથી. તા.૨૭–૧૨–૨૦૨૪ ના રોજ સાક્ષી તપાસવા માગતા નથી તેવી પુરસીસ આપેલ છે અને આ જ દિવસે આંક ૩૬ વાળી અરજી આપી, આંક ૧૩ વાળો સમજૂતી કરાર બોગસ હોય, તેમાં આરોપીની સહી હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવાની માગણી લઈને આવેલ છે. આંક ૩૬ ની અરજી વંચાણે લેતા, અરજદારને ફરિયાદી સાથે ઘણા સમયથી સારા સંબંધો હતા અને ધંધાના વિસ્તરણ માટે અરજદારને રકમની જરૂરીયાત હોવાથી, ફરિયાદીએ લોનની વ્યવસ્થા કરવા માટે આરોપી પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટા, લાઈટબીલ તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા યુનિવર્સિટી રોડ શાખાના બે કોરા ચેક અને એક પત્નીના નામનો આર.ડી.સી. બેંકનો કોરો ચેક લીધેલ હોવાનુ જણાવેલ છે. જે અનુસંધાને આંક ૧૩ વાળા સમજુતી કરારમાં દરેક પાના ઉપરની સહી તથા વિવાદીત ચેકમાં કરેલ સહી ઝીણવટભરી રીતે જોતા, આરોપીની સહી "પી.આર.મારકણા" લખેલ અક્ષરોના વળાંકમાં પ્રથમદર્શનીય રીતે સામ્યતા જણાય આવે છે.

(૧૨) વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષનુ ફરિયાદીએ આંક–૪ થી રજૂ કરેલ પુરાવાનુ સોગંદનામુ વંચાણે લેતા, ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપી તરફે આંક ૧૩

વાળો દસ્તાવેજ બતાવીને તેમાં ચેક નંબર ૭૩૬૮૦૪ વાળા એક જ ચેકનો ઉલ્લેખ કરવામાં આવેલ હોવાનુ પુછવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદીને આંક ૧૩ વાળા દસ્તાવેજ બાબતે પુછતા ફરિયાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે આંક ૧૩ વાળો દસ્તાવેજ મેં જાતે ટાઈપ કરાવી તેમાં પ્રવિણભાઈની સહી ડુપ્લીકેટ કરેલ તેમજ તેમની મીસીઝની સહી મેં અન્ય વ્યકતી પાસે કરાવડાવેલ હતી. એ વાત ખરી નથી કે આંક ૧૩ વાળા દસ્તાવેજમાં મેં પ્રવિણભાઈની તથા તેમના પત્નીની સહીઓ ડુપ્લીકેટ અન્ય વ્યકતીઓ પાસે કરાવડાવી આંક ૧૩ વાળો દસ્તાવેજ ઉભો કરેલ છે. આમ આરોપી તરફેથી ફરિયાદીએ આંક ૧૩ વાળો સમજુતી કરાર ટાઈપ કરાવી તેમાં આરોપીની અને આરોપીના પત્નીની સહી લેવડાવેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ ફરિયાદીએ આ બાબતે સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

(૧૩) વધુમાં, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ નથી તેમાં આરોપીની સહી નથી તેવી કોઈ રજૂઆત નથી, અગાઉ આરોપી તરફે સાક્ષી તપાસવાની અરજી મંજુર થયા બાદ ત્રણ મહિના સુધી કોઈ સાક્ષી તપાસેલ નથી. ત્યારબાદ આરોપી તરફે તા.૨૭-૧૨-૨૦૨૪ ના રોજ આંક ૩૬ વાળી અરજી આપીને સમજુતી કરારના અક્ષરો હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવા માટેની માગણી કરેલ છે. આંક ૩૬ ની અરજીમાં ઉલ્લેખ કરેલ આંક-૧૩ વાળો સમજુતી કરાર નોટરાઈઝ દસ્તાવેજ છે. જો અરજદાર તરફે તે નોટરીને સાક્ષી તરીકે તપાસવામાં આવે તો આંક ૧૩ વાળા સમજુતી કરાર અંગેની સત્ય હકીકતો બહાર આવી શકે તેમ હોવા છતાં, અરજદાર પક્ષે નોટરીને સાક્ષી તરીકે શા માટે તપાસેલ નથી? તે બાબતે ખુદ અરજદાર પક્ષ શંકાના દાયરામાં આવે છે. આરોપી વિરૂદ્ધના કેસમાં આરોપીનુ વિશેષ નિવેદન નોંધાઈ ગયેલ છે, કેસ પક્ષકારોની દલીલના સ્ટેજે પહોંચી ગયેલ છે અને ટુંકમાં કેસનો આખરી નિર્ણય થઈ શકે તેમ છે. આ તમામ સંજોગોમાં આરોપીની આંક ૩૬ ની અરજીમાં કોઈ તથ્ય જણાતુ નથી. આરોપી બિનજરૂરી રીતે કેસની ટ્રાયલ વિલંબમાં પાડી અદાલતનો કીમતી સમય બગાડતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ ૪૪૦, ૪૪૧ ને આધિન અત્રેની અદાલતની હકુમત સિમિત છે. તે રીતે રીવીઝનલ હકુમતને ધ્યાને રાખતા તેમજ રેકર્ડ ઉપરના સંજોગો લક્ષમાં લેતા વિદ્ધાન ટ્રાયલ કોર્ટ દ્ધારા આંક ૧૩ વાળો સમજુતી કરાર હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવો જરૂરી માનેલ નથી, તે નિર્ણય યથાયોગ્ય જણાઈ આવે છે. જેથી આંક ૩૬ ના હુકમમાં વિદ્ધાન ટ્રાયલ

કોર્ટ દ્વારા કાયદા અને હકીકતની કોઈ ભુલ કરેલ હોવાનુ જણાઈ આવતુ ન હોય, તે હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતુ નથી. આમ સમગ્ર ચર્ચાને અંતે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર/મૂળ આરોપી પ્રવિણભાઈ રૂડાભાઈ મારકણાએ દાખલ કરેલ, સદર ફોજદારી રીવીઝન અરજી નં.૮૮/૨૦૨૫ આથી નામંજુર કરવામાં આવે છે.

રાજકોટના ૧૩મા એડીશ્નલ સીનીયલ સિવિલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફો.કે.નં.૩૧૪૮૪/૨૦૨૨ ના કામે, મૂળ આરોપી તરફે આંક ૩૬ થી રજૂ કરેલ અરજી નામંજુર કરેલ છે, તે હુકમ યથાવત રાખવામાં આવે છે.

➢ આ હુકમની એક નકલ સાથે વિદ્વાન ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ વહેલી તકે પરત મોકલી આપવું.

➢ હુકમ, આજ તા.૩૦ એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦–૦૪–૨૦૨૬
રાજકોટ.

(સલીમ અબ્દુલ્લા ગલેરીયા)
આઠમા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ
**UIC CODE** 00731